
# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧




ચોરી, લૂંટ, ખૂનની મટકી રોજ ફોડે છે,
જેલમાં ને બહાર, કાયદા રોજ તોડે છે,
ખોડે છે ઝંડો ગુન્હાનો નિર્ભય ગુનાઇતો -
આ 'રાષ્ટ્રીય નેતા'ની નજર બ્હાર દોડે છે!!




બિહાર મથે
'ગુજરાત' થવા ને -
અહીં, બિહાર..

ચાલે છે હવે
બેન્કોમાં યે નાણાકીય
ગોરખ ધંધા!

## ચિંતન

**દૂરસ્થ જલમધ્યસ્થ ધાવન્તં ધનગર્વિતમ્ ।**
**ક્રોધવન્તં મદોન્મત્તં નમસ્કારોપિ વર્જયેત્ ॥**

'દૂર ઉભેલાને, જળની વચ્ચે રહેલાને, દોડતાને, ધનથી ગર્વિષ્ઠ-અભિમાનીને, ક્રોધે ભરાયેલાને, અને મદોન્મત્તને નમસ્કાર પણ ન કરવા.'

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છે :

જે વ્યક્તિ હંમેશાં દૂર ઉભા રહી તમાસો જોનારા હોય, દુઃખો-આપત્તિઓ-મુશ્કેલીઓ-સંકટ સમયે પણ મદદ કરવાને બદલે, આંખ આડા કાન કરે, નજર અંદાજ કરે, ખભેખભો મેળવી સાથ આપવાને બદલે દૂરથી હાથ લૂછે - 'અમને તો ખબર પણ ન પડી - જાણ તો કરવી હતી' જેવાં કારણો આપી દૂર રહેનારા..

જળ વચ્ચે રહેનારા, પૂર-વાવાઝોડા-સુનામી અને રોગોના ભયથી સતત ચિંતાતુર હોય છે. એવાની 'નમસ્કાર'નો સંબંધ ન રાખવો આવા લોકો મદદરૂપ તો થઇ શકતા નથી પણ સતત જાતે પણ ભયભીત રહે છે.

દોડતો-ઉતાવળીયો-સતત પોતાના માટે જ પ્રવૃત્ત હોય એવા માણસ બીજાને માટે સમય-કાઢી શકતા નથી. એવા નો પણ 'નમસ્કાર' નો સંબંધ ન રાખવો.

ધન-સત્તા-સમૃધ્ધિથી જેને ગર્વ-અભિમાન આવેલું છે એની આંખમાં મદની લાલાશ છે એની આંખમાં પ્રેમ-કરૂણા-દયા ક્યાંથી રહે - આવા ગુમાનીને નમસ્કાર ન કરવા.

ક્રોધી વ્યક્તિ વિચારશૂન્ય થઇ જાય છે. અંધ થઇ જાય છે. સારા-બૂરાને જોઇ નથી શકતો, ઉશ્કેરાટમાં ગમે તેનું અપમાન કરી નાખે છે એને નમસ્કાર ન કરવા -

'મદ' હોય શક્તિ-સત્તા-પદનું અભિમાન હોય એવાં ને પણ નમસ્કાર ન કરવા.

## સુવિચાર

- ધન, સંપત્તિ, પૂંજી શ્રમનું પરિણામ છે, અને શ્રમ દ્વારા જ ધનનો ઉન્નતિ માટે ઉપયોગ કરી શકાય છે **- હેન્રી જોર્જ**
- શ્રમ, પૂંજીની પહેલાં આવે છે, તેથી તે સ્વતંત્ર છે પૂંજી તો ફક્ત શ્રમનું પરિણામ - ફળ છે જો શ્રમનું અસ્તિત્વ ન હોય તો પૂંજી પણ ન હોત, શ્રમ દ્વારા પુંજીની પ્રાપ્તિ અને વૃધ્ધિ થાય છે **- લિંકન**
- જે જીવ શ્રમનું શોષણ કરીને પૂંજી પ્રાપ્ત કરે છે તે શેતાન છે **- કાર્લ માર્ક્સ**
- પૂંજી અને શ્રમ અન્યોન્ય આશ્રિત છે. શ્રમ વિના પુંજી પ્રાપ્ત ન થાય અને પુંજીના અભાવમાં શ્રમ સફળ થતો નથી **- પોપ**
- આપણે સૌ સમાજમાં રહીએ છીએ તેથી આપણી પાસે જે કંઇ છે તે સમાજનું જ છે, કરોડપતિના રૂપિયા એ એકલાના શ્રમથી થયા નથી એમાં અનેક લોકોનો પરિશ્રમ હોય છે, માટે સમાજનું ઋણ ચૂકવવું જોઇએ **- જયપ્રકાશ નારાયણ**
- પૈસાનું જીવનમાં વધુ પડતું મહત્ત્વ, જીવનમાં વિકૃતિઓ પેદા કરે છે **- પૂ. મોટા**
- શ્રીમંત થવું તદ્દન સરળ છે, સંત થવું કઠિન છે **- રણછોડદાસજી મહારાજ**

## બોધ કથા

બાદશાહનો દરબાર ચાલુ હતો - બહુમતી હતી એટલે 'પ્રશ્નોત્તરી'માં પણ એવા જ પ્રશ્નોની ગોઠવણ બાદશાહ કરતો કે જેમાં એની વાહ-વાહ જ બોલવાની થાય, સભ્યો પણ એવાં જ પ્રશ્નો પૂછે અને પ્રધાનશ્રી 'યશ'ની પાઘડી બાદશાહને બાંધી પૂંછડી પટપટાવે. એવું જ કેબીનેટમાં - માત્ર 'નિર્ણયો'ની જાણ કરવાની હોય - બાકી તમે સારા-અમે સારાં.

બાદશાહે કેબીનેટમાં પ્રશ્ન મૂક્યો - સૌથી મીઠી - મધુર વસ્તુ કઇ?

પ્રધાનશ્રીઓ બાદશાહનો આજે હળવો મિજાજ જોઇ ગેલમાં આવી ગયા, અને બધાના મોઢામાં મધ લાળ છૂટી, દૂધપાક-બાસૂંદી-રસ મલાઇ-લાડુ-મોહનથાળ-મધ એવા જવાબો એક પછી એક આવતા ગયા.

..પણ બાદશાહનું નાકનું ટીચકું ચડેલું જ રહ્યું, સીધું થયું જ નહીં.. આખરે બાદશાહની નજર બીરબલ પર સ્થિર થઇ..

બીરબલ કહે, નામવર! 'મધુર વચન' જેવી મીઠી વસ્તુ બીજી કોઇ નથી. 'પ્રશંસા' - કોઇને આનંદ આપી શકે એવાં મીઠાં શબ્દો-વાણી-વચન-સંસારમાં સૌથી મીઠી વસ્તુ લાગે છે - પોતાના વખાણ સાંભળવા ખૂબ મીઠા લાગે!

બાદશાહ મૂછમાં હસ્યો.

# હેલને એ અનોખી સજાને સારી રીતે અમલમાં મુકી પુરવાર કરવા નારીવર્ગની અવદશાઓ અને એનાં નિર્બળતા હલ કરવાનાં સદાચારી પગલાંનો અભ્યાસ કરવા શહેરની મુખ્ય લાઇબ્રેરી તરફ કાર હંકારી મુકી

**અનોખી સજા - સં-વેદના**

**- જય ગજ્જર**

હેલને આખરે મિજાજ ગુમાવ્યો. ખૂબ ઢીંચીને ઘરમાં પ્રવેશેલા પીટરે હેલન પાસે પૈસા માગ્યા.

એની વાત નહિ માનતાં હેલનને બેડરૂમમાં ખેંચવા લાગ્યો. હેલનની નજર પીટરે ફેંકેલ બિઅરની તૂટેલી બાટલી પર પડતા એ ઉપાડી એનાં પેટમાં ભોંકી દીધી.

"ઓહ ગોડ!" શબ્દો સાથે પીટર જમીન પર ઢળી પડ્યો. હેલને દોડી જઇને જોયું તો એનો જીવ ચાલ્યો ગયો હતો. એને મૃત જોતાં એ હૈયાફાટ રડવા લાગી. પીટરને એ ખૂબ પ્રેમ કરતી હતી. પીટર એના રૂપ પાછળ ઘેલો બન્યો હતો. પરણ્યા પછી પીટર એને અનહદ પ્રેમ કરવા લાગ્યો હતો. હેલન પર બદલામાં એવો જ પ્રેમ કરતી હતી. એક વાર બહુ પીને એ ઘેર આવ્યો અને હેલનને એલફેલ બોલવા લાગ્યો.

હેલને એને વહાલથી સમજાવ્યો ત્યારે એણે કદી દારૂ ને નહિ અડવાનું વચન આપ્યું. થોડા વર્ષ એણે પાળ્યું પણ ખરૂં. પણ પાંચેક વર્ષ પછી એ એની સજ્જનતા અને પ્રામાણિક્તાનો ભોગ બન્યો. કંપનીના એક સહકાર્યકરે લાખો ડોલરની ઉપાચત કરી અને દોષનો ટોપલો પીટર પર ઢોળ્યો. કંપનીએ એને છૂટો કર્યો. પીટર બેકાર બન્યો.

પોતાની પ્રામાણિક્તા અને સજ્જનતા પર એને તિરસ્કાર છૂટ્યો. એવામાં એક ખરાબ મિત્રની સોબતે એને દારૂની લત લગાડી. રોજ એને દારૂ પીવા જોઇએ જ. એ લતને કારણે અને માનસિક આઘાતથી ડિપ્રેશનને કારણે બીજી નોકરી ન મળી. પત્નીના પગાર પર ઘર ચાલતું. ક્યારેક પત્ની પાસેથી ખોટાં બહાનાં બતાવી પૈસા માગતો. પતિને ખુશ રાખવા એ કમને પણ પૈસા આપતી. બેડમાં ખેંચી જતા પીટરને એનાં ઢોરમારથી બચવા શૈય્યાસુખ આપતી.

રોજેરોજના એના ત્રાસથી છૂટવા આજ એણે દારૂ માટે પૈસા ન આપ્યા એને ગુસ્સે થઇને ધમકાવ્યો. "કમાતાં જોર આવે છે અને પત્નીના પૈસા પર દારૂ ઢીંચવા અને પત્ની પર રોષ ઠાલવવા જોઇએ છે. જા, આજ તો તારૂં કંઇ સાંભળવાની નથી."

છેલ્લા શબ્દો સાંભળી પીટર ગુસ્સે થયેલો. મન પરનો કાબૂ ગુમાવી ટેબલ પરની ખાલી બિઅર બોટલ એની સામે ફેંકી હતી. હેલન તો બચી ગઇ પણ બાટલી ફ્લોર પર પડતાં તૂટી ગઇ.

હેલને પણ ગુસ્સે થઇ એની તૂટેલી બાટલીથી એક અવિચારી પગલું ભરી બેઠી. ઘડી ભર તો હેલનને પસ્તાવો થયો. પણ હેબતાઇ ગયેલી હેલન એના માથા પર હાથ ફેરવી વહાલભર્યા શબ્દોમાં બોલી, "નફ્ફટ, તું આજ દાવનો હતો! હવે નરકમાં ઢીંચ્યા કરજે, હું તો તારા સકંજામાંથી છૂટી!"

અને વધુ વિચાર્યા વિના એણે પોલીસને ફોન કર્યો.

"ઓફિસર, હું હેલન બોલું છું, મેં મારા પતિનું ખૂન કર્યું છે!" કહી એનું સરનામું આપ્યું.

દશ મિનિટમાં પોલીસ એના ઘરે આવી પહોંચી. હેલને નમ્ર ભાવે પોલીસને વિનંતી કરી, "સર, ગમે તેવો પણ એ મારો વર હતો. એની અંતિમ વિધિ પતાવી હું સામેથી તમારી પાસે દોડી આવીશ."

પોલીસ ઓફિસરને એના શબ્દોમાં વિશ્વાસ બેઠો એટલે એનું સ્ટેટમેન્ટ લઇ વિદાય લીધી.

હેલને ચર્ચના પાદરીને ફોન કરી પીટરના ફ્યૂનરલની વ્યવસ્થા કરી. પાદરીએ એના દેહને લિમોઝીનમાં ચર્ચમાં લઇ જઇ કાસ્કેટમાં મુકી ચર્ચમાં એની અંતિમ વિધિ કરી. અંતિમ વિધિ પતતાં વચન પ્રમાણે સીધી પોલીસ ચોકીએ દોડી ગઇ.

એની સચ્ચાઇ અને દર્દભરી કહાણી સાંભળી પોલીસ અધિકારીનું હૈયું પીગળી ગયું. એમણે હેલનને આશ્વાસન આપ્યું, "મેમ, તમારી હિંમત, તમારી સચ્ચાઇ અને સામેથી ફોન કરી કબૂલાત કરી તે માટે માન ઉપજે છે! તમારા કેસ વિશે સહાનુભૂતિ ભર્યો ચુકાદો આપવા હું મેજિસ્ટ્રેટને વિનંતી કરીશ. ખૂન કર્યું છે એટલે સજા તો થશે પણ ઓછી સજા માટે હું અપીલ કરીશ."

ત્રીજે દિવસે એને મેજિસ્ટ્રેટ સમક્ષ હાજર કરવામાં આવી. હેલનનો વિગતે કેસ સાંભળી મેજિસ્ટ્રેટે પૂછ્યું, "હેલન, તમારા બચાવ માટે તમારે કંઇ કહેવું છે?"

"સર, પીટરના મરણનું મને બહુ દુઃખ છે. એ માટે હું જવાબદાર છું. મારે બચાવ માટે આમ તો કંઇ કહેવું નથી. પણ સમાજ સામે સત્ય રજૂ કરવું છે. પીટર અને હું પરસ્પર ખૂબ પ્રેમ કરતાં હતાં. એટલે તો નવ વર્ષ પહેલાં હું એને એક સારા દાંપત્ય - સુખ માટે પરણી હતી. શરૂણાં પાંચ વર્ષ અમે પરસ્પરનો પ્રેમ અને શય્યાસુખ ખુબ માણ્યાં. બંનેને સારી નોકરી હતી એમનો ગર્વ હતો. પણ પાંચેક વર્ષ પછી એના એક સહકાર્યકરની લુચ્ચાઇનો એ ભોગ બન્યો. કંપનીના એકાઉન્ટમાંથી લાખો ડોલર ખોટી રીતે તફડંચી કરી ઉપાડી લીધા અને દોષનો ટોપલો પીટર પર નાખ્યો. પીટરને કંપનીએ છૂટો કર્યો. પ્રામાણિક અને વફાદાર પીટરને આથી ભયંકર આંચકો લાગ્યો. એ ડિપ્રેશનનો ભોગ બન્યો. મનને પ્રફુલ્લિત રાખવા એ બારમાં જવા લાગ્યો. એક ખરાબ મિત્રની સોબતે એને દારૂની લત લગાડી. દારૂ પીને ઘેર આવી મને બેડરૂમમાં ખેંચી જાય. એને ખુશ કરી પ્રફુલ્લિત રાખવા રોજ પ્રયાસ કરતી. પૈસા ખૂટતાં મારી પાસે માગે. હું એને ખરાબ લત વિશે સમજાવવા પ્રયત્ન કરૂં તો મને ઢોરમાર મારે. ધીરે ધીરે એ ક્રૂર બનતો ગયો. મને રોજ ઢોરમાર મારવા લાગ્યો. છેલ્લા કેટલાક દિવસથી એની ક્રૂરતાની હદ આવી ગઇ હતી. મારો બરડો લોહીલુહાણ કરી નાખ્યો. જુઓ સર, આ ચાબખા!" અને ભર કોર્ટમાં બ્લાઉઝનાં બટન ખોલી લોહીયાળ પીઠ બતાવી.

યુવાન સ્ત્રીની ખુલ્લી છાતી જોઇ કોર્ટરૂમમાં સૌ ચકિત થયા.

"સર, ગયા અઠવાડિયે દારૂ માટે પૈસા માટે બહુ જીદ કરી. મેં ન આપ્યા એટલે ગુસ્સે થઇને મને બેડરૂમ તરફ ખેંચવા લાગ્યો. મેં આનાકાની કરી એટલે મારી સામે બિયરની બાટલી ફેંકી. હું તો સદ્ભાગ્યે બચી ગઇ. પણ મારાથી એની અમાનુષી ક્રૂરતા સહન ન થઇ એટલે મેં ગુસ્સામાં એની જ તૂટેલી બાટલી મારા બચાવ માટે એનાં પેટમાં ભોંકી દીધી, સર, મેં ગુસ્સામાં ખોટું પગલું ભર્યું છે. હું ગુનેગાર છું. આપ જે સજા ફરમાવશો તે મને કબૂલ છે!"

મેજિસ્ટ્રેટ હેલનની વાત સાંભળી અને બરડા પરના લોહિયાળ ચાબખા જોઇ પીગળી ગયા. એમણે ચુકાદો આપતાં પહેલાં કહ્યું, "ગયા અઠવાડિયે મારા એક મિત્ર સાથે હું એક હિંદુ મંદિરના મહોત્સવમાં ગયો હતો ત્યાં પીઠ પરથી એક સંતવાણી સાંભળી. સત્યના વિજય માટે રામે દુષ્ટ રાવણનો વધ કર્યો હતો. સ્ત્રીઓને દુષ્કાર્યોથી અને અમાનુષી અત્યાચારથી બચાવવા દુર્ગાએ મહિસાસુરનો વધ કર્યો એ ઘટના મને સ્પર્શી ગઇ. સ્ત્રી એ જગતજનની છે, એક પ્રેમાળ માતા અને પુરૂષની સહધર્મચારિણી છે, એને સન્માન આપવા કે એના પ્રત્યે પ્રેમપૂર્વક વર્તન રાખવાને બદલે હવસ પોષવાનું પાત્ર સમજનાર અને અત્યાચાર આચરનારને નરાધમ રાક્ષસ કહેવાય. આવી વ્યક્તિને આ ધરતી પર જીવવાનો કોઇ જ હક્ક કે અધિકાર નથી. એનો તો નાશ કરવો જોઇએ. હેલને જે પગલું ભર્યું તે ખોટું હતું અને સજાને પાત્ર છે. આથી હેલનને હું સજા ફરમાવું છું કે એ નગરનાં એક નારી કેન્દ્રમાં સાત વર્ષ રોજ છ કલાક સમાજસેવા સાથે ઉપદેશ આપી નારીવર્ગને સમાજ સામે પ્રતિકાર કરવાની શક્તિ કેળવવા હિંમતવાન બનાવે. ગુડ લડ બ્રેવો હેલન! કેસ ઇઝ ક્લોઝ્ડ!" ટેબલ પર ન્યાયદંડના બે ટકોરા મારી મેજિસ્ટ્રેટ ઉગ્ર મને એમની ચેમ્બરમાં ચાલ્યાં ગયા.

મેજિસ્ટ્રેટના શબ્દો સાંભળી હેલન હૈયાફાટ રડી પડી.

પોલીસ ઓફિસર હેલન પાસે પહોંચી ગયા.

એને સાંત્વન આપતાં કહ્યું, "હવે રડો છો શા માટે! તમારા ભયંકર ગુના માટે જેલનાં સળિયા પાછળ ધકેલવાનો બદલે મેજિસ્ટ્રેટે સમાજસેવાની અલૌકિક અનોખી સજા તમને ફરમાવી પુરૂષવર્ગને એક મહાન સંદેશો પહોંચાડવાની એક અમૂલ્ય તક આપી છે. હવે સમાજમાં હજારો નારીવર્ગને અત્યાચારી પુરૂષો સામે હિંમતપૂર્વક બાથ ભીડવાની શક્તિ આપી નવજીવન બક્ષજો."

હેલને એ અનોખી સજાને સારી રીતે અમલમાં મુકી પુરવાર કરવા નારીવર્ગની અવદશાઓ અને એનાં નિર્બળતા હલ કરવાનાં સદાચારી પગલાંને અભ્યાસ કરવા શહેરની મુખ્ય લાઇબ્રેરી તરફ કાર હંકારી મુકી.

# પ્રફુલ્લભાઈનાં શોખના વિષયોમાં ચિત્રકામ મુખ્ય છે અને આજે પણ ચિત્રો કેનવાસ ઉપર ઉતારે છે, સંગીતમાં અને ક્રિકેટમાં પણ રૂચિ ધરાવે છે

**મોંઘેરા મોતી**

**- નટવર આહલપરા**

સર ફિલિપ સિડની ઉમદા રત્નકણિકા નીચે પ્રમાણે છે :

ઉમદા વિચારોનો જેમે સહવાસ છે,
તેઓ ક્યારેય એકલા હોતા નથી'

ઉમદા વિચારો ધરાવતા ડો. પ્રફુલ્લભાઇ ગજ્જર સૌ માટે પ્રેરક અવતરણ આપતા કહે છે કે, "શરીર અને મન સ્વસ્થ રાખવા માટેનાં પ્રયત્નોને પ્રાધાન્ય આપવું જોઇએ હું વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય રીતે શ્રાવણ મહિનામાં આખો મહિનો એકટાણાં કરૂં છું. પણ બાધા, આખડી, કે માનતામાં માનતો નથી. વાંચન માટે થોડો સમય બચે છે. દર્દી પ્રત્યેની મારી સકારાત્મક સહાનુભૂતિને હું મારી પાઠપૂજા ગણું છું. ઇશ્વર પર શ્રધ્ધા રાખું છું. રાજકોટ શહેરરૂપી કર્મભૂમિમાં એક નેફ્રોલોજીસ્ટ તરીકે વાવેલું બીજ પ્રભુ નિમિત્તે પગથારે સૌના આશીર્વાદથી સ્વપ્નશીલ સીમાચિહ્ન બન્યું છે. તેનો આનંદ વ્યક્ત કરૂં છું."

'જો શરીર અને મન સ્વસ્થ તો પ્રસન્નતા જ પ્રસન્નતા' ડૉ. પ્રફુલ્લ ગજ્જર



અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના કેરાળા ગામે શ્રી પ્રફુલ્લભાઇ જન્મ્યા છે. પિતાશ્રી પોપટભાઇ સાવરકુંડલાની બાજુનાં ગામ મોલડીમાં પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. માતુશ્રી લલિતાબહેન પાંચ ધોરણ સુધી ભણેલા. પણ કોઠાસૂઝ એમની જ.

પ્રફુલ્લભાઇનાં પિતાશ્રી શિક્ષક એટલે ખૂબ જ દયાળું. પોતાને થોડી ઘણી પ્રાથમિક જાણકારી દવા વિશે એટલે પોતાનાં ગામમાં કે આજુબાજુનાં ગામમાં જરૂરિયાત મંદ દર્દીઓને દવા આપતા શ્રી પોપટભાઇની ઇચ્છા હતી કે, દીકરો ડોક્ટર બને. પિતાની ઇચ્છા મુજબ પ્રફુલ્લભાઇએ ધો.૧ થી ૪ મોલડી ગામમાં, ધો. ૫ થી ૧૨ સાવરકુંડલાની કે.કે. હાઇસ્કૂલમાં અને પછી M.B.B.S. ત્યાર બાદ M.D. ને અભ્યાસ પૂર્ણ કર્યો હતો. ડિપ્લોમા ઓફ નેશનલ બોર્ડ દ્વારા ઇન્ડિયામાં ટેસ્ટ લેવાય છે અને તે ટેસ્ટમાં પાસ થવું ઘણું જ કઠનિ હોય છે. છતાં તેઓ પ્રથમ પ્રયત્ન પાસ થયા.

સુરેન્દ્રનગર નિવાસી નટુભાઇ જાદવાણીની સુપુત્રી નીતાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા છે અને આ દંપત્તિને બે સંતાનો પૈકી પુત્રી અંશુમી મોટી છે અને ધો.૯માં રાજકોટની નિર્મલા કોન્વેન્ટમાં અભ્યાસ કરે છે. જ્યારે સુપુત્ર આર્ષ સેન્ટ મેરીઝમાં ધો.૭માં અભ્યાસ કરે છે.

પ્રફુલ્લભાઇનાં શોખના વિષયોમાં ચિત્રકાળ મુખ્ય છે અને આજે પણ ચિત્રો કેનવાસ ઉતારે છે. સંગીતમાં અને ક્રિકેટમાં પણ રૂચિ ધરાવે છે.

હાલમાં તેઓ શ્રી નિધિ કોમ્પલેક્ષ, રામકૃષ્ણનગર મેઇન રોડ ખાતે કિડની કેર અને ડાયાલીસીસ સેન્ટર દ્વારા કાર્યરત છે. લોકોને વધુ સારી સેવા મળે તે માટે તેઓ સક્રિય છે.

તેઓની સેવા નેફ્રોલોજીસ્ટ તરીકે વિસ્તરી છે. યુનવર્સિટી રોડ, બી.ટી. સવાણી, એચ.જે. દોશી, સ્ટર્લિંગ તેમજ સીવીલ હોસ્પિટલ સાથે સંકળાયેલાં છે.

તેઓ અમેરિકન સોસાયટી ઓફ નેફ્રોલોજી કોન્ફરન્સમાં ફીલાડેલફીયા ખાતે તેમજ ઇટાલીનાં મિલાન (યુ.કે.) વર્લ્ડ કોન્ફરન્સ ઓપ નેફ્રોલોજી (ઇન્ટરનેશનલ કોન્ફરન્સ) તેમજ કેનેડા, ઇટાલી અને દુબઇ કોન્ફરન્સમાં ભાગ લઇ આવ્યાં છે.

ગુરૂનાનકની પંક્તિ આ રહી...

"જો તમે મગજને શાંત રાખી શકતા શો
તો તમે દુનિયાને જીતી શકશો."

ઉપરોક્ત પંક્તિને અનુરૂપ વાત કરીએ તો ડો. પ્રફુલ્લભાઇ ગજ્જર શાંત, સૌમ્ય અને પ્રસન્ન સ્વભાવનાં વ્યક્તિ છે. તેમને શુભેચ્છાઓ...

તેમનો મો. નં. છે : ૯૮૨૫૦૭૭૯૮૭

## સ્વર્ગસ્થ સાંસદ મુકેશ ગઢવીને કાવ્યાંજલિ

કૂળદીપક કળહઠ કૂળનો કિરતાર કાં તેં લઇ લીધો?
સ્વજનો અને કૈં સ્નેહીઓ ચોધાર આંસુડે રૂવે;
નિજ ભાર્યા, બાંધવ-ભગિની, ને વિયાં વાટ્યું જુવે.
કર્યું નામ રોશન દ્વય 'બી.કે." ને ખુદનું યે સર્વદા;
પડી ખોટ મોટી આભ શી, જબરી પડી છે વિપદા.
ધારાસભા ત્રણ ત્રણ મુદ્દત તેં ગજવીયું ગુજરાતમાં,
સાંસદ પણે પણ ઊજળું તુજ નામ ૧લું ગુજરાતમાં.
"મુકેશ" તવ વિદાયથી છલકી હજારો આંખડી;
અંજલિયું અઢળક તું ને, ને હજારો અમ શ્રધ્ધાંજલિ;
તારૂં નામ અમરાપર હજો, બસ એજ અમ શ્રધ્ધાંજલિ;
તારૂં નામ અજરામર રહે, બસ એજ હો ભાવાંજલિ.
હતી મિટ ચારણ સર્વની તું પણ મોંઘેરા "મુકેશ"
અરમાન ૧લાં ખાખ, તું જાતાં જ લાખેલા "મુકેશ."

**- ભરત કવિ "ઉર્મિલ"**

# આ યાત્રાને આઝાદીની ચળવળના એક ભાગ રૂપે યાદ કરવા માટે પણ દર વર્ષે તેનું આયોજન થાય તો રાષ્ટ્રીય ભાવનાને એક સૂત્રે સાંકળવાનું કામ પણ અનાયાસે જ થાય તેમ છે, માત્ર આવી રાષ્ટ્રીય ભાવના જગાડનારી બાબતો તરફ ધ્યાન આપવાની જરૂર છે

## ઐતિહાસિક દાંડીયાત્રા માત્ર છાપાઓમાં!

**- ભગવાનભાઇ ગોહેલ**

લાગે છે કે ભારતની આઝાદીની ચળવળનાં એક ભાગ રૂપ દાંડીયાત્રાનું મહત્ત્વ આપણાં કરતાં વિદેશી વધુ સારી રીતે સમજતાં હોય તેમ લાગે છે. હમણાં જ ૧૨ માર્ચનાં રોજ અમેરિકા-કેનેડાનાં શાંતિયાત્રીઓ જેસી બ્લુય ફોરેસ્ટ અને મીસ સાન્દ્રા મુન ડાન્સરે ગાંધી આશ્રમથી દાંડી સુધીની યાત્રાનો પ્રારંભ કરીને વિદેશી યુગલે આપણને છોભીલાં પાડી દીધાં છે.

૧૨, માર્ચ ૧૯૩૦ના રોજ વહેલી સવારે ૬.૨૦ કલાકે દાંડીપુલ પરથી ૬૧ વર્ષનાં ગાંધીજી સાહેબ ૭૯ મીઠાનાં સત્યાગ્રહીઓ અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થવાં સ્વરાજયનાં સંકલ્પ સાથે ૫ એપ્રિલ સુધીની દાંડીની ૨૪૧ કિ.મી.ની દાંડીયાત્રાએ રવાના થયા હતાં. તે પદ રેખા ઉપર જ આ યુગલ ચાલશે. આ અવસરને તેઓ પોતાનું અહોભાગ્ય સમજે છે. જયારે આપણે છાપાઓમાં લેખો સિવાય આઝાદીની ચળવળનાં એક ભાગ રૂપ દાંડીયાત્રાને જેટલું મહત્ત્વ આપવું જોઇએ તેટલું આપતાં નથી! અરે! દેશવિદેશના મહાનુભાવો જેની અવશ્ય મુલાકાત લે છે તે ગાંધી આશ્રમથી દાંડીપુલ સુધીનો વિસ્તાર અને દાંડીપુલની આજુબાજુની હાલત જોઇને કોઇ પણ ગાંધીવાદીનું હૃદય દ્રવી જાય તેમ છે. આપણને આપણા રાષ્ટ્ર માટે વિદેશીઓ કેવી છાપ લઇને જશે તેની સહેજે શરમ કે ચિંતા નથી! એટલું સારૂં છે કે આપણું ન્યાયતંત્ર જાગૃત છે અને તે સ્વયં ફરિયાદી બનીને તંત્રને કાન આમળે છે. તે ભારતીય લોકશાહીનું એક જમા પાસું છે. ન્યાયતંત્રે સ્થાનિક તંત્રને તાકીદ કરેલ કે, "દાંડીપુલનો નજીકનો વિસ્તાર તાકીદે સ્વચ્છ કરી જેને કોર્ડન કરો." આવું હાઇકોર્ટને કહેવું પડે ત્યારે થાય છે કે આપણે ઐતિહાસિક ધરોહરને સાચવવામાં કેટલાં બેદરકાર છીએ. જયારે આઝાદીનો વધુમાં વધુ લાભ મેળવનારાઓમાં આજનાં રાજકારણીઓને આ તરફ જોવાની પણ ફૂરસદ નથી!



આવા સંજોગોમાં ગાંધીવાદીઓએ સંગઠીત થઇને આ વિસ્તારની સ્વચ્છતા અને યોગ્ય જાળવણી થાય તે માટે સરકારનાં સહયોગથી કોઇ વ્યવસ્થા ગોઠવવી જોઇએ. અને દર વર્ષે દાંડીયાત્રાનું આયોજન કરવું જોઇએ. સરકારે આવા આયોજનને સંપૂર્ણ સહાય અને સહકાર આપવો જોઇએ. આમ કરવાથી સરાકરને પોતાની ફરજ બજાવ્યાનો સંતોષ મળશે. જયારે ગાંધીવાદીઓને આ બહાના હેઠળ જાગૃત થવા સહિત એકત્રિત થવાનો મોકો મળશે, જયારે લોકોને પ્રત્યક્ષ સામેલ થઇને આઝાદીની ચળવળનો અનુભવ મળશે. આમ પણ રાજયમાં અનેક ઉત્સવોની ઉજવણી થઇ રહી છે. તેમાં દાંડીયાત્રાનો ઉમેરો કરવામાં આવે તો તે સરકારનાં લાભમાં જ રહેશે, તેમાં બે મત નથી.

એક વિદેશીને દાંડીયાત્રાની પ્રેરણા થાય છે, તો આપણને કેમ નહીં? આવો સવાલ આપણને થવો જરૂરી છે! આપણા માટે તો તે આઝાદીની ચળવળનાં પાયાની બાબત છે. ખરેખર તો આ યાત્રાને આઝાદીની ચળવળના એક ભાગ રૂપે યાદ કરવા માટે પણ દર વર્ષે તેનું આયોજન થાય તો રાષ્ટ્રીય ભાવનાને એક સૂત્રે સાંકળવાનું કામ પણ અનાયાસે જ થાય તેમ છે. માત્ર આવી રાષ્ટ્રીય ભાવના જગાડનારી બાબતો તરફ ધ્યાન આપવાની જરૂર છે.